અપીલ અરજી નં.૧૫૭/ ૦૮–૦૯ તા.૮–૯–૦૮

અરજદારઃ શ્રી શૈલેન્દ્ર દેસાઈ

સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

**હુકમઃ–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શૈલેન્દ્ર દેસાઈની તા.૧૮–૮–૦૮ ની અરજીથી (૧) નાના વરાછા ગામના સીટી સર્વે નં.૩૮+૪૬ (સીટ નં.૩) માં મંજુર થયેલ (તબકકાવાર) નકશાઓની કલરમાં સ્કેન કરી સીડીમાં આપવી (૨) નાનાવરાછા ગામના સીટી સર્વે નં.૩૮+૪૬ (સીટ નં.૩) માં મંજુરી માટેઉભા થયેલા પ્રકરણમાં નકશાની મંજુરી આપતા પહેલા લેવામાં આવેલ રોડ લાઈન અંગે લીધેલ અભિપ્રાયની પ્રમાણિત નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૮–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૭/૨૦૦૮–૦૯

શ્રી શૈલેન્દ્ર દેસાઈની તા.૧૮–૮–૦૮ ની અરજીથી (૧) નાના વરાછા ગામના સીટી સર્વે નં.૩૮+૪૬ (સીટ નં.૩) માં મંજુર થયેલ (તબકકાવાર) નકશાઓની કલરમાં સ્કેન કરી સીડીમાં આપવી (૨) નાનાવરાછા ગામના સીટી સર્વે નં.૩૮+૪૬ (સીટ નં.૩) માં મંજુરી માટેઉભા થયેલા પ્રકરણમાં નકશાની મંજુરી આપતા પહેલા લેવામાં આવેલ રોડ લાઈન અંગે લીધેલ અભિપ્રાયની પ્રમાણિત નકલ આપવા બાબતે માંગ્યા પ્રમાણેની માહિતી પુરી પાડવામાં ન આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૬ તા.૧૨–૯–૦૮થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬૩ તા.૨૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૧૮–૮–૦૮ ની અરજી આંશિક, સીટી સર્વે સુપ્રિ. નં.૩ (નાના વરાછા) બ્લોક નં.એ/૭ મો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરતને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ/ઈ.ઝેડ/૭૬૩ તા.૧૮–૮–૦૮ ના રોજ તબદીલ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં માહિતી નમુના 'ઘ' મુજબપૂરી પાડવામાં આવી નથી અને અધિનિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) મુજબ વિના મૂલ્યે માંગણી કરેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈના નિયમ અને જોગવાઈ અનુસાર નમુના 'ગ' માં દસ્તાવેજ ફી અંગેની માહિતી તેમજ નમુના 'ઘ' માં અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬૩ તા.૧–૯–૦૮ ના રોજ સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં અપીલ બાબતે કોઈ વાજબીપણું કે આધાર રજૂ કરેલ નથી. તેટલુંજ નહીં પરંતુ જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં દસ્તાવેજ ફી પેટે સૂચિત કરેલ નાણા ભરપાઈ કર્યાના કોઈ આધાર પણ રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની લાગત આંશિક માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય આંશિક માહિતી બાબતે નિયત નમુના 'ચ' માં સીટી સર્વે સુપ્રિ. નં.૩ (નાના વરાછા) એ/૭ મો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરતને ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬૩ તા.૧૮–૮–૦૮ તેજ દિવસે તબદીલ કરેલ છે. અરજદારને નિયત સમય મર્યાદામાં અને નિયત કરેલ નમુના 'ગ' માં દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા સમય અવધિમાંજ તા.૨૮–૮–૦૮ ના રોજ સૂચિત કરેલ છે જ તેમજ નમુના'ઘ' માં તા.૧–૯–૦૮ ના રોજ કલર સીડી ઉપલબ્ધ નહીં હોવા બાબતે પણ સૂચિત કરેલ છે. આરટીઆઈ એકટ હેઠળ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૈકીની માહિતી પૂરી પાડવાની રહે છે જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ માહિતી આપવા કોઈ ઈન્કાર થયેલ જણાતું નથી.

અરજદારની અપીલ માની વિના મૂલ્યે માહિતી મેળવવાની દાદ ઉકત સંજોગોમાં યોગ્ય ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે અરજદાર ઈચ્છે તો નિયત ફી ભરી ઉપલબ્ધ માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી શૈલેન્દ્ર દેસાઈ